# હોળી પર્વએ 7 સ્પેશિયલ ટ્રેન દ્વારા 20,000 પ્રવાસી વતન રવાના



**ઉધના** રેલવેના માસ્ટર પ્લાન સામે ભીડ નતમસ્ત, વાણિજ્યિક વિભાગના કર્મચારીઓને ગ્રાઉન્ડ ઝીરો પર ઉતારવામાં આવ્યા

**કાયમી** હોલ્ડિંગ એરિયાની ક્ષમતા બમણી કરીને 4,000થી વધુ કરવામાં આવી

સુરતઃ રંગોના પર્વ હોળી-ધૂળેટીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ટેક્સટાઇલ અને ડાયમંડ સિટી સુરતમાં વસતા પરપ્રાંતિયોમાં વતન જવાનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આજે વહેલી સવારથી જ ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનો એવો ધસારો જોવા મળ્યો હતો કે જાણે આખું શહેર સ્ટેશન પર ઉતરી આવ્યું હોય! જોકે, રેલવે પ્રશાસન દ્વારા કરવામાં આવેલા ઝીણવટભર્યા આયોજન અને તકેદારીના પગલે આ અફરાતફરી વચ્ચે પણ વ્યવસ્થા જળવાઈ રહી હતી. વધારાની ખાસ ટ્રેનો અને સુરક્ષાના ચુસ્ત બંદોબસ્તને કારણે પ્રવાસીઓની સફર સુખદ બની હતી.

## વધારાના કોચ અને સ્પેશિયલ ટ્રેનોનું આયોજન

ડી.આર.એમ. પંકજ સિંહે જણાવ્યું હતું કે, અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. જો મુસાફરોની સંખ્યા હજુ વધશે, તો અમારી પાસે વધારાના કોચ મેન્ટેનન્સ સાથે સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. જરૂર પડયે તાત્કાલિક ધોરણે વધારાની સ્પેશિયલ ટ્રેનો પણ દોડાવવામાં આવશે.

## અમે ઘરે પહોંચી શકીશું તેનો આનંદ છેઃ મુસાફર

સુરત રોજી રોટી માટે આવેલા એક મુસાફરે જણાવ્યું કે, સુરત અમને રોજીરોટી આપે છે, પણ હોળીનો તહેવાર તો વતનમાં પરિવાર અને મિત્રો સાથે જ ઉજવવાની મજા આવે છે. ટ્રેનમાં ભીડ તો ઘણી છે, પણ રેલવેની આ સ્પેશિયલ ટ્રેનોને કારણે અમને ટિકિટ મળી ગઈ અને અમે ઘરે પહોંચી શકીશું તેનો આનંદ છે.

## રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા

| | | |
|---|---|---|
| ઉધના-જયનગર | (સવારે 3:30): | 4,000 મુસાફરો |
| ઉધના-હસનપુર | (સવારે 5:45): | 3,500 મુસાફરો |
| ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત | (સવારે 7:10): | 2,500 મુસાફરો |
| ઉધના-જયનગર અંત્યોદય | (સવારે 8:35): | 4,000 મુસાફરો |
| સુરત-થવે તાપ્તી ગંગા | (સવારે 10:20): | 3,000 મુસાફરો |
| ઉધના-જયનગર | (બપોરે 1:30): | 1,000 મુસાફરો |
| ઉધના-રક્સૌલ સ્પેશિયલ: | 2,000 મુસાફરો | |

# ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સના પ્રથમ દિવસે જ કરોડોના રોકાણ અને મહત્ત્વના MoU

ગાંધીનગરઃ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાયેલી 'ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ 2026' અંતર્ગત આજે કોન્ફરન્સના પ્રથમ દિવસે જ અનેક પ્રતિષ્ઠિત કંપનીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે મહત્ત્વના કરારો (MoU) કરવામાં આવ્યા છે. આજના દિવસનું સૌથી મોટું આકર્ષણ Hotayi Industries દ્વારા કરવામાં આવેલી જાહેરાત રહી હતી. કંપની GIDC સાણંદ ખાતે મેમરી મોડ્યુલ્સના ઉત્પાદન માટે ૩૫૦ થી ૫૦૦ કરોડનું માતબર રોકાણ કરશે. આ ઉપરાંત, Hyspec Chemicals દ્વારા સેમિકન્ડક્ટર-ગ્રેડ સ્પેશિયાલિટી કેમિકલ્સ અને Kiansh/GnBS દ્વારા ગેસ અબેટમેન્ટ સિસ્ટમ્સ સ્થાપવા માટે પણ કરારો કરવામાં આવ્યા છે.

જાપાનની દિગ્ગજ કંપની HORIBA દ્વારા અમદાવાદમાં સેમિકન્ડક્ટર-ગ્રેડ માસ ફ્લો મીટર અને અદ્યતન સામગ્રી માટે અત્યાધુનિક R&D સેન્ટર સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.

# માતા-પિતાના ઠપકાથી કિશોરી ઝારખંડથી ભાગી સુરત આવી ગઇ

**સુરત** રેલવે પોલીસની શી ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું



સુરતઃ બોર્ડની પરીક્ષાના ટેન્શન અને અભ્યાસ બાબતે માતા-પિતાએ આપેલા ઠપકાથી નારાજ થઈને ઝારખંડથી ઘરે કોઈને કહ્યા વગર નીકળી ગયેલી 16 વર્ષીય સગીરાને સુરત રેલવે પોલીસની શી-ટીમે ગણતરીના દિવસોમાં તેના પરિવાર સાથે મિલન કરાવ્યો હતો. મળતી માહિતી મુજબ ગત તારીખ ૨૫/૦૨/૨૦૨૬ના રોજ ઉધના રેલ્વે સ્ટેશન પર એક સગીરા એકલી બેઠેલી હોવાની જાણ ઉધના આઉટ પોસ્ટના એલ.આર. મેહુલભાઈ ભરતભાઈ ને થઈ હતી. તેમને તાત્કાલિક સુરત રેલ્વે પોલીસ સ્ટેશનની શી-ટીમ ને જાણ કરતા સગીરાને સુરક્ષિત રીતે ચાઈલ્ડ કોર્નર ખાતે લાવવામાં આવી હતી. શરૂઆતમાં ગભરાયેલી સગીરાની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેનું નામ પૂજા (નામ બદલ્યું છે) અને તે ઝારખંડની રહેવાસી છે.સગીરાએ પોલીસને જણાવ્યું હતું કે, હાલ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી હોય માતા-પિતા તેને વારંવાર ભણવા બાબતે ટોકતા હતા. આ ઠપકાથી ગુસ્સે ભરાઈને તે ૨૫ ફેબ્રુઆરીના રોજ ટ્યુશન જવાનું કહીને ઘરેથી નીકળી ગઈ હતી. સગીરાના મોટા ભાઈનો સંપર્ક સાધતા જાણવા મળ્યું હતું કે પરિવારે સ્થાનિક આર.આઈ.ટી. પોલીસ સ્ટેશનમાં તેની ગુમશુદા ની ફરિયાદ પણ નોંધાવી હતી. દરમિયાન તારીખ ૨૮/૦૨/૨૦૨૬ના રોજ સગીરાના મોટાભાઈ સુરત આવી પહોંચતા, રેલવે પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરા અને તેમની ટીમે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી સગીરા નો કબજો તેના ભાઈને સોંપ્યો હતો.

# અમદાવાદથી માત્ર 1 કલાક 57 મિનિટમાં મુંબઇ પહોંચી જવાશે

**ગુજરાતમાં** રેલવે પ્રોજેક્ટ માટે રૂ.17,366 કરોડનું રેકોર્ડ બજેટઃ રેલ મંત્રી

## ચીપથી ચેમ્પિયન બનવા ગુજરાતની દોડ : મુખ્યમંત્રી

ગાંધીનગર : ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ 2026'નો પ્રારંભ થયો હતો.મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત નીતિ સ્થિરતા, પારદર્શિતા, વ્યવસાય સુલભતા અને વિકાસ માટેની રાજકીય ઇચ્છાશક્તિ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ ઉત્પાદન ક્ષેત્રે ઝડપી આગળ વધી રહ્યું છે. દેશના ગ્રોથ એન્જિન ગણાતા ગુજરાતને હવે ટેક એન્જિન બનાવવાનો સ્પષ્ટ સંકેત આ કોન્ફરન્સમાં આપવામાં આવ્યો હતો.

ગાંધીનગરઃ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ગુજરાત સેમીકનેક્ટ કોન્ફ્રન્સ 2026ના શુભારંભ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કેન્દ્રીય આઈટી, માહિતી પ્રસારણ અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવએ જણાવ્યું હતું કે વર્ષ 2026-27 માટે ગુજરાતને રૂ. 17,366 કરોડનું રેકોર્ડબ્રેક બજેટ ફાળવવામાં આવ્યું છે. હાલ રાજ્યમાં કુલ રૂ. 1.28 લાખ કરોડના રેલવે પ્રોજેક્ટ્સ પર કામગીરી ચાલી રહી છે, જે વિકાસના વ્યાપક દિશાસૂચક છે. ગુજરાતના 87 રેલવે સ્ટેશનને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિશ્વકક્ષાના ધોરણ મુજબ વિકસાવવા પસંદ કરવામાં આવ્યા છે. અત્યાર સુધી 21 સ્ટેશનોનું કામ પૂર્ણ થયું છે. અમદાવાદ, સાબરમતી, સુરત, ઉના અને સોમનાથ જેવા મહત્ત્વના સ્ટેશનોના પુનર્વિકાસનું કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. ખાસ કરીને અમદાવાદ રેલવે સ્ટેશનના આધુનિકીકરણ બાદ મુસાફરોને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ મળશે.

તેમણે જણાવ્યું હતું કે ભારતનો પ્રથમ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અમલમાં મૂકાતો મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર ઝડપથી આગળ વધી રહ્યો છે. અશ્વિની વેષ્ણવે જણાવ્યું હતું કે આગામી વર્ષે બુલેટ ટ્રેન સેવા શરૂ કરવાની દિશામાં કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે અને સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે તમામ તબક્કે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદથી મુંબઈ વચ્ચે 350 કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ મુસાફરી માત્ર આશરે 1 કલાક 57 મિનિટમાં પૂર્ણ થશે, જે હાલની મુસાફરી સમયની તુલનામાં ઐતિહાસિક ઘટાડો ગણાશે. પ્રધાનમંત્રીએ બુલેટ ટ્રેન માટે 7 નવા રૂટને પણ મંજૂરી આપી છે, જેના કારણે ભવિષ્યમાં દેશના અન્ય મહત્વના શહેરોને હાઈ-સ્પીડ કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.

# ઓલપાડના ખેડૂતોમાં વીજ ટ્રાન્સમિશન લાઈનનો તીવ્ર વિરોધ

**પાવરગ્રીડની** 765 kV D/C લાઈન માટે નોટિસોનો વરસાદ, અસરગ્રસ્ત ગામોમાં ભારે આક્રોશ,ગોલા ગામે અસરગ્રસ્તોની મહત્વની મીટીંગ



સુરતઃસુરત જિલ્લાના ઓલપાડના જુદાજુદા ગામોના ખેડૂતોના વીજ ટ્રાન્સમિશન લાઈનનો તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. પાવરગ્રીડ કોર્પોરેશનની કોર્પોરેટના લાભાર્થે નાખવામાં આવી રહેલી 765 kV D/C લાઈન માટે નોટિસો આપવા સામે અસરગ્રસ્ત ગામોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આજે ઓલપાડના ગોલા ગામે અસરગ્રસ્તોની મહત્વની મીટીંગ યોજાઈ હતી. જેમાં ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશભાઈ પટેલે કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા)એ સંગઠીત લડતનો અનુરોધ કર્યો હતો. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના આંધી, ગોલા, ટકારમા, મોરથાણ અને અછારણ ગામોના હજારો ખેડૂતો હાલમાં તીવ્ર અસ્વસ્થતામાં છે. પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા વડોદરા-સાઉથ ઓલપાડ (GIS) 765 kV D/C વીજ ટ્રાન્સમિશન લાઈન પસાર કરવા માટે ખેડૂતોને નોટિસો આપવાનું શરૂ કરી દીધું છે. આ લાઈનને કારણે હજારો એકર ખેતીલાયક જમીન, વાવ-વાડી અને વૃક્ષો અસરગ્રસ્ત થવાની આશંકા છે, જેના વિરોધમાં ગોલા ગામે ખેડૂતોને કાયદાકીય અને સંઘર્ષનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મીટીંગમાં ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશભાઈ પટેલે ખેડૂતોને જણાવ્યું કે આવી ટ્રાન્સમિશન લાઈનો માટે કેટલીક કાયદાકીય જોગવાઈઓ અને વળતરના નિયમો છે, જેનો લાભ લેવા માટે સંઘઠિત રીતે આગળ વધવું જરૂરી છે. જયેશભાઈ પટેલે નોટિસના જવાબમાં શું કરવું, ક્યાં અરજી કરવી અને કેવી રીતે વિરોધ કરવો તેની સ્પષ્ટ સમજ આપી હતી."સંગઠિત થઈને લડત આપો"

દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા) એ મીટીંગમાં ભાગ લઈને ખેડૂતોને અપીલ કરી હતી.

# હજીરામાં હિંસક તોફાનમાં વધુ 24 આરોપીઓ પકડાયા

**વિડીયોના** આધારે ધરપકડ કરાઈ, કુલ આંકડો ૬૪ પહોંચ્યો

સુરતઃ હજીરા ઔદ્યોગિક વિસ્તારમાં ગત ગુરુવાર અને શુક્રવારે ફાટી નીકળેલા હિંસક તોફાનો બાદ પોલીસ હવે એક્શન મોડમાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારનારા તત્વોને ડામી દેવા માટે પોલીસે સમગ્ર વિસ્તારમાં લોખંડી બંદોબસ્ત સાથે ફ્લેગ માર્ચ યોજી હતી. ગત રોજ હુલ્લડ મચાવનાર વધુ ૨૪ને પકડી પાડ્યા હતા. આજે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેમને લાજપોર જેલ મોકલી આપવાનો હુકમ કર્યો હતો. અગાઉ આ ગુનામાં ૪૦ લોકોની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પુરા થતા તેમને પણ લાજપોર જેલમાં મોકલવામાં આવ્યા છે.

આ સમગ્ર હિંસા દરમિયાન વર્કરો દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવેલા વિડીયો પોલીસ માટે મહત્ત્વના પુરાવા સાબિત થયા છે. અગાઉ પકડાયેલા ૪૦ આરોપી સિવાય જે અન્ય શખ્સો હિંસા આચરતા દેખાયા હતા, તેમાંથી પોલીસે વધુ ૨૪ લોકોની ઓળખ કરી આજે તેમની ધરપકડ કરી લીધી છે. ગુરુવારે જ્યારે આ માથાકૂટ શરૂ થઈ ત્યારે પરિસ્થિતિ અત્યંત ગંભીર બની હતી. શરૂઆતમાં હિંસક ટોળા સામે પોલીસની સંખ્યા ઓછી હોવાથી પીછેહઠ કરવાની નોબત આવી હતી, પરંતુ ત્યારબાદ તાત્કાલિક પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે ઉતારી દેવામાં આવ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાને કાબૂમાં લેવા માટે પોલીસે ૧૦ રાઉન્ડ ફાયરિંગ પણ કરવું પડ્યું હતું. આ હુમલામાં અનેક પોલીસ જવાનો ઈજાગ્રસ્ત થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, હરિયાણાના પાનીપતમાં થયેલા અકસ્માત મોતનો વિડિયો ફરતો કરવામાં આવતા સુરતના હજીરાની કંપનીમાં તોફાન ફાટી નીકળ્યા હતા. વાહનોમાં તોડફોડ અને આગચંપી કરી હતી.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### હીરાબાગ બ્રિજ...

મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના ચિત્તલ ગામના વતની શૈલેષ હસમુખભાઈ માયાણી હાલ પાસોદરા વિસ્તારમાં આવેલ સહજાનંદ રેસીડેન્સીમાં પત્ની કૃપા, પુત્ર મન (6 વર્ષ) તેમજ બે પુત્રી સાથે રહેતા હતા. શૈલેષ રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે શૈલેષના ભાઈ વિજયના સાસુનું નિધન થયું હતું. જેથી શૈલેષ, પત્ની તેમજ 6 વર્ષના પુત્ર સાથે વરાછા ઉમિયાધામ પાસે આવેલ સોના એપાર્ટમેન્ટમાં આવ્યા હતા. મરણ પ્રસંગમાં હાજરી આપ્યા બાદ રાત્રે 10 વાગ્યાના સુમારે એક જ બાઈક પર શૈલેષ, પત્ની કૃપા, પુત્ર મન અને ભત્રીજો મંત્ર (8 વર્ષ) પાસોદરા ઘરે પરત જઈ રહ્યા હતા. જ્યાં શૈલેષ બાઈક ચલાવી રહ્યો હતો, ભત્રીજો આગળ બેસેલો હતો અને પાછળ માતા તેમજ પુત્ર બેસેલા હતા. દરમિયાન હીરાબાગથી કામરેજ તરફ જતા બ્રિજ પર તેઓ ચડ્યા હતા. જ્યાં બ્રિજ પર એક ટ્રેક્ટર ઉભેલું હતું. શૈલેષને રાતના અંધારામાં કોઈપણ પ્રકારના રિફ્લેક્ટર કે સાઈન બોર્ડ વગર ઉભેલો ટ્રેક્ટર દેખાયો ન હતો. જેથી ટ્રેક્ટરની પાછળ બાઈક અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેથી ચારેયને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ ફરજ પરના તબીબે શૈલેષને મૃત જાહેર કર્યો હતો. તેમજ મન અને મંત્રને વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા. તેમજ પત્ની કૃપાને માથામાં 10થી વધારે ટાંકા આવ્યા હતા. સારવાર બાદ તેમને રજા આપી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે અકસ્માત બાદ શૈલેષના કાકા નાનજીભાઈ ગોગણ માયાણીએ ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ આપતા અશ્વિનીકુમાર પોલીસે ટ્રેક્ટર ચાલકની અટક કરી હતી.

### આમોદમાં 12...

અભ્યાસ પૂર્ણ કરીને પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે રસ્તામાં શ્વાનોએ તેને ઘેરી લઈને ફાડી ખાવાનો પ્રયાસ કર્યો હતો. બાળકની ચીસાચીસ સાંભળીને આસપાસના લોકો દોડી આવતા તેનો જીવ માંડ બચ્યો હતો.

પાલિકા દ્વારા અગાઉ શ્વાનોના ખસીકરણ અને નિયંત્રણ માટે કરવામાં આવેલી કામગીરી માત્ર દેખાડા પૂરતી અને ધૂળ નાખવા બરાબર સાબિત થઈ છે. વારંવારની રજૂઆતો છતાં તંત્રની આ ગુનાહિત નિંભરતાના કારણે સ્થાનિકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. શું પાલિકાના અધિકારીઓ માત્ર એસી ઓફિસોમાં બેસીને કોઈ માસૂમનો ભોગ લેવાય તેની જ રાહ જોઈ રહ્યા છે? તેવા સવાલો કરી લોકોએ ચીમકી ઉચ્ચારી છે કે આ સમસ્યાનો 24 કલાકમાં કાયમી ઉકેલ નહીં આવે, તો આંદોલન કરવામાં આવશે.

### 3 દિવસમાં...

છે. દિવસ દરમિયાન સીધા તડકાથી બચવું, પૂરતું પાણી પીવું અને હળવા કપડાં પહેરવા તબીબી નિષ્ણાંતો સલાહ આપી રહ્યા છે.

આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધતા રાજ્યમાં ઉનાળાની અસર વધુ સ્પષ્ટ બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગના આંકડા મુજબ રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પારો 30 ડિગ્રીથી ઉપર પહોંચ્યો છે. ભૂજમાં 34 ડિગ્રી સેલ્સિયસ, નલિયામાં 31 ડિગ્રી, કંડલા પોર્ટ પર 31 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 32 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં 32 ડિગ્રી, પોરબંદરમાં 31 ડિગ્રી, રાજકોટમાં 34 ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં 33 ડિગ્રી તાપમાન રહ્યું હતું. મહુવામાં 31 ડિગ્રી, કેશોદમાં 32 ડિગ્રી, અમદાવાદમાં 33 ડિગ્રી અને ડીસામાં 34 ડિગ્રી નોંધાયું હતું. ગાંધીનગરમાં 33 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 31 ડિગ્રી, વડોદરામાં 32 ડિગ્રી, સુરતમાં 32 ડિગ્રી અને દમણમાં 30 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે નલિયામાં લઘુત્તમ તાપમાન 16 ડિગ્રી સુધી નોંધાયું હતું.

### સુરતમાં તાપમાન...

જરૂરી બનશે. ગરમીની શરૂઆત સાથે જ શહેરમાં ઉનાળાની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. હવે આગામી બે દિવસ બાદ તાપમાનમાં વધુ વધારો થવાની શક્યતા હોવાથી નાગરિકોએ સાવચેતી રાખવી જરૂરી બની છે.

### અમદાવાદ એરપોર્ટ...

તંત્રએ મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી છે અને ફ્લાઇટની સ્થિતિ ચકાસ્યા બાદ જ મુસાફરી કરવાની સલાહ આપી છે. હેલ્પ ડેસ્ક શરૂ કરાયા છે, છતાં રિફંડ, રહેવાની અને ભોજનની વ્યવસ્થા અંગે મુસાફરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં લગ્ન કરેલું એક દંપતી કેનેડા પરત જવા માટે એરપોર્ટ પર અટવાયું છે. અન્ય ઘણા મુસાફરો પણ અનિશ્ચિતતામાં છે.

### સચિનમાં મોડી...

માલ અને કાચું કાપડ મળીને અંદાજે 15 લાખ રૂપિયાનું આર્થિક નુકસાન થયું છે. દુકાન માલિક મનોજભાઈ દ્વારા છેલ્લા એક વર્ષથી આ એકમ ચલાવવામાં આવી રહ્યું હતું, જે આગમાં ખાખ થઈ ગયું હતું.

### નાના રત્નકલાકારોને...

નકારાત્મક અસર સુરતના નાના રત્ન કલાકારો પર પડવાની શક્યતા છે. રત્ન કલાકારોને છૂટા કરવાની નોબત આવી શકે. હીરાની નિકાસ અટકી પડતા હીરાના કારખાનાઓમાં કામ ઓછું થશે. તેમજ ઓર્ડર રદ થવાથી પેમેન્ટ અટકવાને કારણે રત્ન કલાકારોના વેતનમાં કાપ અથવા છૂટા કરવાની નોબત આવી શકે છે."ઉદ્યોગકારો અને વેપારીઓએ સરકારને તાત્કાલિક હસ્તક્ષેપ કરીને વિકલ્પી રૂટ અને સુરક્ષિત ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા કરવાની માંગ કરી છે. જો સ્થિતિ વધુ વકરી તો હજારો નાના કારીગરોની રોજીરોટી પર સીધો અસર પડશે અને સુરતના હીરા ઉદ્યોગમાં નવી મંદીની આશંકા વ્યાપી ગઈ છે.

### સ્કૂલની ફ્રેન્ચાઇઝી...

ગોસ્વામી અને (3) દિપક શર્મા જે "ઝી લર્ન લિમિટેડ" નામની કંપની (ઓફિસઃ 138, કોન્ટીનેટલ બિલ્ડિંગ, ડો. એન્ની બેસેન્ટ રોડ, વરલી, મુંબઈ)એ તેઓ આ કંપનીના કર્તા-હર્તા હોવાનું જણાવ્યું હતું. ફ્રેન્ચાઈઝી માટે તેમણે રૂપિયાની માંગણી કરી હતી અને ઓનલાઈન રૂપિયા ભરવા માટે એક લિંક મોકલી હતી. જેના આધારે ફરિયાદીએ તેમના એચ.ડી.એફ.સી. બેંકના ક્રેડિટ કાર્ડ દ્વારા રૂ. 3,04,673ની રકમ ચૂકવી હતી. આરોપીઓએ ટૂંક સમયમાં એગ્રીમેન્ટ અને અન્ય દસ્તાવેજ મોકલી ફ્રેન્ચાઈઝી શરૂ કરાવી દેવાની ખાતરી આપી હતી. પરંતુ રકમ ચુકવ્યા બાદ આરોપીઓનો સંપર્ક ધીમે ધીમે ઓછો થવા લાગ્યો હતો. વારંવાર પૂછપરછ છતાં સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો ન હતો. અંતે આરોપીઓએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. જેથી તેમણે આ ઠગ ત્રિપુટી સામે રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## સુડોકુ ૭૪૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૯ | ૪ | ૫ | ૮ | |
| | ૫ | ૮ | | ૬ | | | | ૧ |
| | | ૪ | ૫ | ૧ | | | | |
| ૩ | ૧ | ૫ | ૬ | ૮ | | | | |
| ૪ | | ૯ | ૧ | | ૨ | | | |
| | ૭ | ૨ | | | ૯ | ૧ | | |
| | | | ૩ | ૪ | ૬ | ૮ | | |
| | | | ૮ | ૨ | | | | ૯ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૭ | ૫ | | | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દાંત માટે કોગળા

દાંત અને મુખ ના સર્વાંગી સ્વાસ્થ્ય માટે વિવિધ કોગળા કરાય છે. પાણીની બાટલી મા બે ચમચી મીઠું, એક ચમચી ખાવાનો સોડા પાણી સાથે ભરી તેના કોગળા કરો. તલના તેલનો કોગળો મોંમાં ભરી, જેટલું રખાય તેટલું મોંમાં ભરી રાખો. અકળામણ થાય તો થૂંકી કાઢો. ત્રિફળા ચૂર્ણ બે ચમચી, દોઢ ગ્લાસ પાણીમાં ઉકાળી સહેજ ઠંડુ પડે ત્યારે તેમાં મધ ભેળવી તેનાથી કોગળા કરો.

## શબ્દગુંફન - ૭૧૮૦

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. ''સાંરગ'' નામનું ધનુષ્ય ધરાવનાર શ્રીવિષ્ણુ (૫)
૬. સત્તા, હકૂમત (૨)
૭. બધે રખડ્યા કરનાર (૫)
૧૦. લોકમત (૪)
૧૨. આંખની કીકી (૩)
૧૩. ઊહાપોહ, ચર્ચા (૪)
૧૫. હાથ (૨)
૧૭. અધિકાર (૨)
૧૮. ધનુષ્ય (૨)
૧૯. આધાર, ભરોસો (૩)
૨૦. મઢેલું ચિત્ર (૩)
૨૨. ફતેહ, વિજય (૨)
૨૩. કર્તવ્ય (૩)
૨૬. હવા (૨)
૨૭. વેરો (૨)
૨૮. યોગ્ય (૪)
૩૦. ખુશબો, મહેક (૪)
૩૨. ભૂલ (૨)
૩૩. આદમી (૨)
૩૪. વેચાણનું નાણું (૩)

**ઊભી ચાવી**

૧. સારા કે ખોટાનો વિચાર (૭)
૨. દિલગીરી (૨)
૩. પવિત્ર, શુધ્ધ (૩)
૪. શ્વાસ (૨)
૫. ભાષા (૨)
૭. લીન, ડૂબેલું (૨)
૮. તારનાર (૩)
૯. એક જળચર પ્રાણી (૩)
૧૦. જન્મ આપનાર પિતા (૩)
૧૧. અક્કલ (૨)
૧૩. બારણા પર નાંખવાનો પડદો (૨)
૧૪. કાળજી, ચાલાકી (૩)
૧૬. સાવ સહેલી વાત (૫)
૧૭. શબ્દ, બોલ (૩)
૨૦. એક તેજાનો (૨)
૨૧. ઘોડો (૩)
૨૪. મોટી સંખ્યામાં નાણું (૩)
૨૫. મોં ફેરવી લીધું હોય તેવું (૩)
૨૭. સૈન્ય, છાવણી (૩)
૨૯. લાકડાની ચોકી (૨)
૩૦. પ્રતિજ્ઞા (૨)
૩૧. રાજા (૨)



## આજનું પંચાંગ

**તા. 02/03/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદઃ ચૌદસઃ 17:57, વ્રતની પૂનમ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 11
**નક્ષત્ર :** આશ્લેષાઃ 07:53 સુધી જન્મેલાની શાંતિ કરાવવી
**યોગ :** અતિગંડ **કરણઃ** ગર
**રાશિઃ** કર્ક (ડ,હ) 07:53 થી સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ - હોળિકાદહન, હુતાશણી પૂર્ણિમા
**સુરતમાં સૂર્યોદય :** 07:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:42
**નવકારસી :** 07:48
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 20મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 12મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ,
**રાહુ કાળઃ** સવારે :07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મનોરંજન પ્રવાસ થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે, નવી નોકરીની શક્યતા નવાં રોકાણથી લાભ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે. નવા ઘર વાહનના યોગ બને. વેપાર-ધંધામાં નવાં સોદા પાર પડે.

**મિથુન (ક,છ,ઘ,):** આજ મહત્વનાં કામ પાર પડે. નોકરીની તક મળે. ઉઘરાણી આવે. દલાલીની આવક વધે.ર

**કર્ક (ડ,હ,):** શુભ સમાચાર મળે. પારિવારીક ધંધામાં લાભ થાય. ખાણી-પીણીના ધંધામાં સફળતા મળે.

**સિંહ (મ,ટ,):** પડવા વાગવા, કાયદા કાનુન, પોલીસ લફરા અને આરોગ્ય બાબતે સાવધાની રાખવી પડશે. ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** સ્વાર્થી અને ઈર્ષાળુ મિત્રોથી નુકસાન થઇ શકે છે. વિદ્યાર્થીઓએ ધીરજ રાખવી.

**તુલા (ર,ત,):** પ્રેમમાં સાથ, અભ્યાસમાં અનુકૂળતા અને મિત્રોનો સાથ મળે. નવા રોકાણથી લાભ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** સંપતિનાં સોદા થાય. નવી મિલકતનું આયોજન થાય. નોકરી-ધંધામાં પ્રગતિની તક મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આનંદોત્સવમાં ભાગ લેવાનું બને બૌદ્ધિક કામમાં સફળતા મળે. ઉચ્ચશિક્ષણમાં અનુકૂળતા રહે.

**મકર (ખ,જ,):** અણગમતા સમાચાર મળે. આરોગ્યનું ધ્યાન રાખવું. સરકારી કામમાં પ્રગતિ અને ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** તમારા કામની કદર થાય. મહેનતનું મળે. સંતાનના અભ્યાસમાં પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** જૂના, મિત્રો સંબંધીઓને સામાજિક મેળાવડામાં મળવાનું બને. અચાનક સફળતા મળે.

## કોઈ પણ સાલમાં 02 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી ધંધામાં પ્રગતિ થાય. નવા કામમાં ટેકનોલોજીની મદદ મળે. સમાજમાં માન વધે. પરિવારને કામમાં યશ મળે. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાતી નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વિદેશનાં કામ પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં થાય. વારસા, જાયદાદ, જમીન કાપવા કાનુનમાં અનુકૂળતા રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી સાંતિ મળે. જુન-જુલાઈ, સોમ-ગુરુવા, 2,11,20,29 તારીખ નવા કામ માટે અનુકૂળ રહે સફેદ, ક્રીમ અને સામાન્ય લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું જાન્યુઆરી ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 5 અને 8 તારીકે નવા કામ ટાળવાં. કાળો ભુરો, લીલો રંગ ટાળવો. જીવનમાં ચાંદીની ધાતુનો મહત્વમ ઉપયોગ કરતા રહેવું.





